ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## ઠેર ઠેર ઇદ ઉજવાઇ

## સાવલી તાલુકામાં મુસ્લિમ બિરાદરો ઈદુલ ફિત્રની ઉજવણી કરી



**સાવલી :** મુસ્લિમ બિરાદરો ના અત્યંત પવિત્ર રમજાન માસ ગત રાત્રિના સમયે સંપન્ન થયો હતો સમગ્ર રમઝાન માસ દરમિયાન નમાજ, રોજા, ઝકાત, લિલ્લાહ , સદકા અને ખેરાત જેવા પુણ્યના કામો સાથે ખુદા ની બંદગી માં વ્યસ્ત હતા અને ગતરાત્રિ ના સમયે મુસ્લિમ માસ સવ્વાલ નો ચાંદ દેખા દેતા આજરોજ ઈદુલ ફિત્ર ની ઉજવણી કરવામાં આવી હતી આજે વહેલી સવારથી જ એમુસ્લિમ બિરાદરો નવા કપડાં પહેરીને અત્તર લગાવીને મસ્જિદો તેમજ ઇદગાહો માં પહોંચી ગયા હતા તાલુકાના પાલડી નમીસરા મંજુસર,ભાદરવા સાવલી શહેર ગોઠડા ટુંડાવ રાણીયા કરચીયા વાંકાનેર લસુન્દ્રા સહિતના વિવિધ ગામો ની મસ્જિદો મુસ્લિમ બિરાદરો થી ઉભરાઈ ગઈ હતી અને સૌ એ નમાઝે ખાસ અદા કરી હતી અને ત્યારબાદ વિવિધ મસ્જિદો માં દુઆએ ખાસ ગુજારી હતી માનવ કલ્યાણ તેમજ ભારત દેશ ની અખંડિતતા અને કોમી એકતા માટે દુઆએ ખાસ ગુજારી હતી ત્યારબાદ મુસ્લિમ બિરાદરો એ એકબીજા ને ગળે લગાવી ને ઇદ ની મુબારક બાદ પાઠવી હતી.

## ડભોઈમા ઈદ એ ફિતરનો તહેવારની ઉજવણી કરાઈ




**ડભોઇ :** આ ઈદ પવિત્ર રમઝાન મહિનાના ઉપવાસ (રોઝા) પૂરા થયા પછી ઉજવવામાં આવે છે. તેને 'મીઠી ઈદ' તરીકે પણ ઓળખવામાં આવે છે. મુસ્લિમો રમજાન ના એક મહિનો સંયમ, બંદગી અને ત્યાગ રાખ્યા બાદ અલ્લાહ તરફથી મળેલા ઈનામ તરીકે આ દિવસની ઉજવણી થાય છે. ઉજવણી આ દિવસે લોકો નવા કપડાં પહેરે છે, ઈદગાહ કે મસ્જિદમાં જઈ વિશેષ નમાઝ પઢે છે. ખાસ વાનગી: આ દિવસે ખાસ કરીને 'શીર-ખુરમા' (દૂધ અને સેવની મીઠાઈ) બનાવવામાં આવે છે. ઝકાત (દાન): ગરીબો પણ આ ખુશીમાં સામેલ થઈ શકે તે માટે શક્તિ મુજબ દાન (ફિત્રા) આપવામાં આવે છે. ભાઈચારો લોકો એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' કહીને પ્રેમ વ્યક્ત કરે છે. ઈદી વડીલો દ્વારા બાળકોને આશીર્વાદ સ્વરૂપે રોકડ રકમ કે ભેટ આપવામાં આવે છે, જેને 'ઈદી' કહેવાય છે. પવિત્રતા સવારમાં વહેલા ઊઠી, સ્નાન કરી (ગુસલ) અને અત્તર લગાવીને નમાઝ માટે જવું સુન્નત માનવામાં આવે છે. ટૂંકમાં, ઈદ એ માત્ર ખાવા-પીવાનો તહેવાર નથી, પરંતુ શાંતિ, સખાવત (દાન) અને એકતાનો સંદેશ આપતો પવિત્ર અવસર છે.

### ચેકડેમથી 'નો માઇનિંગ ઝોન' બનવાની ભીતિ, બ્લોક હોલ્ડરોમાં નિરાશા

## પંચેશ્વર મહાદેવ પાસે ઉચ્છ નદીના ચેકડેમ મુદ્દે વિવાદ રેતી બ્લોક એસોસિયેશનની સરકાર સમક્ષ રજૂઆત

**સ્થળ** બદલવાની માંગ સાથે મુખ્યમંત્રી, સિંચાઈ મંત્રી અને સચિવને રજૂઆત




(પ્રતિનિધિ) સંખેડા, તા.21

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં પંચેશ્વર મહાદેવ મંદિર નજીક ઉચ્છ નદી પર મંજૂર કરાયેલા ચેકડેમને લઈને વિવાદ ઊભો થયો છે. ગુજરાત માઈનિંગ ઈ-ઓક્શન બ્લોક એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રી, સિંચાઈ મંત્રી અને વિભાગીય સચિવ સમક્ષ ચેકડેમનું સ્થાન બદલવા માટે રજૂઆત કરવામાં આવી છે.

એસોસિયેશનના જણાવ્યા મુજબ, વર્ષ 2019થી ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા "Ease of Doing Business" અંતર્ગત ઉચ્છ નદી વિસ્તારમાં 45 સાદી રેતીના બ્લોક ઈ-ઓક્શન દ્વારા ફાળવવામાં આવ્યા હતા, જેમાંથી 9 બ્લોક કાર્યરત છે જ્યારે અન્ય બ્લોક પ્રક્રિયામાં છે. નાના વર્ગના બ્લોક હોલ્ડરોએ રોજગારી માટે અંદાજે 20થી 25 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું જણાવાયું છે.

પરંતુ હાલ મંજૂર કરાયેલા ચેકડેમના કારણે આ વિસ્તાર "No Mining Zone" બનવાની શક્યતા હોવાથી બ્લોક હોલ્ડરોને મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

એસોસિયેશન દ્વારા વધુમાં જણાવાયું છે કે ચેકડેમ માટે સ્થળ પસંદગી કરતી વખતે ભૂસ્તરશાસ્ત્રી અને ખાણ-ખનીજ વિભાગનો યોગ્ય અભિપ્રાય લેવામાં આવ્યો નહોતો. વિભાગ દ્વારા સૂચન કરાયું હતું કે સંખેડા-હાંડોદ બ્રિજની પાછળ આશરે 500 મીટર દૂર અન્ય યોગ્ય સ્થળ પસંદ કરવું જોઈએ.

એસોસિયેશને માંગ કરી છે કે હાલ મંજૂર કરાયેલ ચેકડેમ રદ કરીને નાગરવાડા, વેજલીયા, ઝાંપા, પીપળીયા અને ગુંદેર ગામની બાજુ સર્વે કરીને નવા સ્થળે ચેકડેમ બનાવવામાં આવે અથવા બ્લોકની મુદત પૂર્ણ થાય ત્યારબાદ વર્ષ 2030 પછી કામ હાથ ધરવામાં આવે.

### છેલ્લા ત્રીસ વર્ષથી ડાકોર પગપાળા જાય છે

## વાલિયાનો પગપાળા સંઘ બીજા નોરતે સાધલી ગામે પહોંચ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.21

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના દાજીપુરા ગામનું ભાથીજી યુવક મંડળ છેલ્લા 30 વર્ષથી અવિરત રીતે આસ્થા અને ભક્તિનો અનોખો પ્રત્યાય રજૂ કરી રહ્યું છે. દર વર્ષે ચૈત્ર મહિનાની એકમના પવિત્ર દિવસે ગામમાંથી પગપાળા સંઘ નીકળે છે, જે ભક્તિ અને શ્રદ્ધાનો જીવંત ઉદાહરણ બની રહે છે.

આ સંઘ પાવાગઢ, ફાગવેલ અને ડાકોર જેવા પવિત્ર સ્થળોની યાત્રા કરીને આગળ વધે છે. યાત્રા દરમિયાન ભક્તો ભજન-કીર્તન અને ભગવાનના સ્મરણમાં લીન રહીને આત્મિક શાંતિનો અનુભવ કરે છે.

આ વર્ષે પણ પરંપરા અનુસાર સંઘે પોતાની યાત્રા શરૂ કરી



અને બીજા નોરતે શિનોર તાલુકાના સાધલી ગામે આવી પહોંચ્યો. ગામમાં સંઘનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, જ્યાં સ્થાનિક લોકોએ ભક્તોને પ્રેમ અને આદર સાથે આવકાર્યા. આ યાત્રા માત્ર એક ધાર્મિક પરંપરા નથી, પરંતુ સમાજમાં એકતા, શ્રદ્ધા અને સંસ્કૃતિને જીવંત રાખવાનો એક સુંદર પ્રયાસ છે. ભાથીજી યુવક મંડળનો આ પ્રયત્ન યુવાનો માટે પ્રેરણારૂપ છે અને ભક્તિભાવને વધુ મજબૂત બનાવે છે.

### પાદરા શહેરમાં વિકાસનો મહોત્સવ યોજાશે

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કરોડો રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) પાદરા, તા.21

સરકારની વિવિધ ગ્રાન્ટ હેઠળ રૂ. ૪૧ કરોડથી વધુના ખર્ચે પાદરા નગરપાલિકા વિસ્તારમાં અનેક વિકાસ તથા લોકસુખાકારીના કામોના ખાતમુહૂર્ત અને પૂર્ણ થયેલા કામોના લોકાર્પણ પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે પાદરા ડિસ્કવરી સ્કૂલ ખાતે કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકા માજી સદસ્યો, ચીફ ઓફિસર, તેમજ વિવિધ શાખા ના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય કામોમાં રૂ. ૩૧ કરોડના ખર્ચે ગટર લાઇન બદલવાનું કામ, વિવિધ સોસાયટીઓમાં પેવર બ્લોક અને આર.સી.સી. રોડ, જાસપુર ચોકડીથી મુક્તિધામ સુધીના રોડ અને ગટર, જંબુસર રોડ પર વેરાઈ માતા મંદિરથી પેટ્રોલ પંપ સુધી સ્ટ્રીટ લાઇટ તેમજ JCB અને જેટિંગ મશીનનું લોકાર્પણ સામેલ છે. સાથે જ પાદરા નગરપાલિકાના નવા બિલ્ડિંગ માટે ટેલિફોન એક્સચેન્જ સામે જમીન ફાળવણીનો હુકમ મળતા ત્યાં નવી ઈમારત બનવાની દિશામાં પણ મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, પાદરા નગરપાલિકા વિસ્તારમાં ઘણા વિસ્તારોમાં ગટર લાઈન લીકેજની ગંભીર સમસ્યા છે, જેના કારણે રહીશોને ભારે તકલીફોનો સામનો કરવો પડે છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે પાદરા નગરપાલિકા માટે મુખ્ય ગટર લાઈનો બદલવા રૂ. ૩૧ કરોડની ગ્રાન્ટ ફાળવી છે અને આજરોજ તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ સાથે પાદરા નગરની વિવિધ સોસાયટીઓમાં પેવર બ્લોક અને આર.સી.સી. રોડ માટે અંદાજિત સાડા ચાર કરોડ રૂપિયાના વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે.

## ડભોઈ તાલુકાના ધરમપુરીની યુવતી ગુમ થતા પોલીસ ફરિયાદ



ડભોઈ : ડભોઈ પોલીસ સ્ટેશન ગુમ જાણવા જોગને ખબર આપનાર અરવિંદભાઈ ગોવિંદભાઇ બારીયા રહે. ધરમપુરી ગામ તા. ડભોઈ, જી. વડોદરા મો. ૭૦૧૬૬ ૪૩૭૧૫ ની જાહેરાત હકીકત એવી છે કે આ કામે ગુમ થનાર ચેતનાબેન D/O અરવિંદભાઈ બારીયા ઉ.વ. ૨૪ રહે. ધરમપુરી ગામ તા. ડભોઈ, જી. વડોદરા ગઈ તા.૧૯/૦૨/૨૬ ના કલાક ૧૪-૩૦ થી ૧૬-૪૫ દરમ્યાન પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહેલ છે જેઓની આજદિન સુધી તેઓના ગામમાં તથા આજુબાજુમાં તથા સગા સંબંધીઓમાં શોધખોળ કરતા નહીં મળી આવતા ગુમ થયેલ છે જે શરીરે પાતળી કાઠી, રંગે ઘઉં વર્ણ અને મોઢુ લંબગોળ છે.

### મહા આરતિમાં મોટી સંખ્યામાં ભાગ લીધો

## જાસપુર ગામે હનુમંતિયા મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ સંપન્ન

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા તાલુકાના જાસપુર ગામે આવેલ હનુમંતિયા મંદિર ખાતે બ્રહ્મલીન શ્રી ભરતદાસજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ શનિવારના રોજ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ સપ્તાહ દરમિયાન પ્રસિદ્ધ કથાકાર પરમ પૂજ્ય શ્રી દીપકભાઈ શાસ્ત્રીજી દ્વારા ભાવભીની કથાનું વર્ણન કરવામાં આવ્યું હતું. રોજબરોજ વિવિધ ધાર્મિક પ્રસંગો, ઉત્સવો અને ભક્તિમય વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં ભક્તોએ કથાનું રસપાન કરી આધ્યાત્મિક લાભ લીધો હતો.

સપ્તાહના સમાપન પ્રસંગે જાસપુર હનુમંતિયા મંદિરના મહંત શ્રી રાધારામનદાસજી મહારાજ દ્વારા ઉપસ્થિત સંતો-મહંતોનું પુષ્પહાર તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાદરા સંતરામ મંદિરના મહંત શ્રી મોહનદાસજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કથાના સફળ આયોજનમાં સહયોગ આપનાર દાતાશ્રીઓ તેમજ ઉમરાયા અને જાસપુર ગામના સરપંચોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ભાગવત કથાના પૂર્ણાહુતિ પ્રસંગે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો, મંદિરના કાર્યકરો તથા ગ્રામજનોએ હાજરી આપી હતી.

## બોડેલી તાલુકાના જબુગામે મુસ્લિમ બિરાદરોએ 'ઈદ-ઉલ-ફિત્ર'ની ઉજવણી કરી



**બોડેલી :** પવિત્ર રમઝાન માસના રોઝા પૂર્ણ થયા બાદ આજે વહેલી સવારે ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની વિશેષ નમાજ અદા કરવામાં આવી હતી. જયારે જબુગામ ખાતે ખુબ મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો એકત્રિત થયા હતા અને ઉમર શહીદ બાવાની દરગાહ પર જબુગામના લોકો દ્વારા ઈદ ની નમાઝ પઢવામાં આવી હતી. નમાજ બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' પાઠવી ખુશીઓ વ્યક્ત કરી હતી. આ પવિત્ર અવસરે સમગ્ર દેશમાં સુખ, શાંતિ, સલામતી અને પરસ્પર ભાઈચારો જળવાઈ રહે તે માટે વિશેષ દુઆ કરવામાં આવી હતી. તહેવારને લઈને બાળકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિક વહીવટી તંત્ર અને જબુગામ પોલીસ દ્વારા પણ તહેવાર નિમિત્તે પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, અને શાંતિપૂર્ણ અને ભાઈચારા ના માહોલમાં ઈદની ઉજવણી સંપન્ન થઈ હતી.

## શિનોરના મુસ્લિમ બિરાદરોએ 'ઈદ-ઉલ-ફિત્ર'ની ઉજવણી કરાઇ



**શિનોર :** રમજાન માસમાં એતેકાફના દિવસોનું વિશેષ મહત્વ રહેલું છે. આ દિવસોમાં મસ્જિદોમાં રહી અલ્લાહની ખાસ બંદગી કરવામાં આવે છે. શિનોર ગામમાં પણ આશરે 13 જેટલા રોજદારો મસ્જિદોમાં એતેકાફમાં બેસી, પવિત્ર કુરાન શરીફનું પાઠન કર્યું અને દેશની શાંતિ, સુખ અને ભાઈચારો જળવાઈ રહે તે માટે દિલથી દુઆ માંગી. માત્ર મુસ્લિમ સમાજ માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશવાસીઓ માટે પણ સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થનાઓ કરવામાં આવી. રમજાન માસનો પવિત્ર ઈદનો ચાંદ દેખાતા જ, એતેકાફમાં બેઠેલા તમામ રોજદારોનું શિનોર મુસ્લિમ સમાજ અને તેમના પરિવારજનો દ્વારા ફૂલહારથી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

## કવાંટ નગરમાં મુસ્લિમ સમાજ દ્વારા ઇદ-ઉલ-ફિત્રની ઉજવણી કરવામાં આવી



**કવાંટ :** કવાંટ નગરમાં કસ્બા ફળિયામાં આવેલ મસ્જિદ માં મુસ્લિમ સમાજ દ્વારા ઈદની ઉજવણી કરવામાં આવી ઇદ-ઉલ-ફિત્ર એ મુસ્લિમોનો એક મહત્વપૂર્ણ તહેવાર છે, જે રમજાન માસના અંતે ચાંદ દેખાયા બાદ ઉજવવામાં આવે છે. આ તહેવાર એકતા, શાંતિ, સમર્પણ અને ખુદાની નેઅમતોનો શુક્ર અદા કરવાની ભાવના સાથે સંકળાયેલ છે. ઇદ-ઉલ-ફિત્રની ઉજવણી દરમિયાન, મુસ્લિમો મસ્જિદમાં સામુહીક નમાજ અદા કરે છે, એકબીજાને ગળે લગાવી ઇદની શુભેચ્છાઓ પાઠવે છે.

## છોટાઉદેપુર ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા હર્ષોલ્લાસ સાથે ઈદ-ઉલ-ફિત્ર ની શ્રદ્ધાભેર ઉજવણી કરી



**છોટાઉદેપુર :** હિજરી કેલેન્ડર મુજબ ૧૦મા મહિનામાં એટલે કે સવ્વાલના પહેલા દિવસે આ ઈદુલ ફિત્ર નો તહેવાર વિશ્વભરના મુસ્લિમ બિરાદરો દ્વારા મનાવવામાં આવે છે ઈસ્લામી કેલેન્ડરમાં આ મહિનામાં ચંદ્રના દેખાવાની સાથે જ શરૂ થાય છે ઈદ ની ખુશી.ઈદ ઉલ-ફિત્ર મુસ્લિમોનો પવિત્ર તહેવાર છે જે રમજાન મહિનાના રોજા ઉપવાસની ખુશી અને સમાપ્તિ અને સવાલ મહિનાની શરૂઆત તરીકે ઉજવાય છે આ દિવસે આખા મહિનાની આરાધના રોઝા બાદ વિશેષ નમાઝ અદા કરી અલ્લાહનો આભાર માનવામાં આવે છે નવા કપડાં પહેરી નમાજ અદા કરી એકબીજા મળી ભાઈચારા અને ખુશીના સંદેશ સાથે ઈદ ની શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. વહેલી સવારથી છોટાઉદેપુર નગરમાં ઈદની ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ** વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**નવકાર વોટર પ્રુફિંગ** 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (905)

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (906)

**કબુતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (907)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ** (1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

**ડાકોર, પાવાગઢ** ઉજ્જૈન, ઓમકારેશ્વર, વીરપુર સારંગપુર, જલેબી હનુમાન. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861 (903)

**પ્રોપટી વેચવાની છે** બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ જતીન શાહ 9227905111

**સ્વપ્ન ટ્રાવેલ્સ** ૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, અને 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**FOR Sell** 70,000/- ના માસિક ભાડામાં કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર Dhaval Cyclewala 98980 24032

**જૂના જાણીતા** રાજુ મોદી કાશ્મીર, વૈષ્ણોદેવી, સોનમર્ગ, ગુલમર્ગ, દૂધપતરી, અમૃતસર, ઉજ્જૈન ઉપડશે 30 માર્ચ, (ફક્ત 8 સીટ બાકી) સુરતથી સુરત- 19,500/-, દિવસ 13, સ્ટાર હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર 9374512979 (904)

નોકરી વિષયક

**ડિલિવરી બોય જોઈએ** છે સરોલી, પર્વતપાટિયા, ગોડાદરા, પુનાગામ નંબર 9725956799

**જહાંગીરપુરા મેઈન રોડ ટચ** 500 વારની જમીન વેચવાની છે દરેક ધંધા, શો રૂમ તથા કપડાંના શો રૂમ, ટ્યુશન ક્લાસીસ, હોસ્પિટલ લાયક જગ્યા 9824729100

**હોઝિયરીમાં પરચૂરણ** કામ માટે માણસ જોઈએ છે. ઉંમર 30 વર્ષ સુધી ભાગળ. 9825776132

**ઓફિસ આસિસ્ટન્ટ** છોકરાઓ બહારના કામ માટે 3 Posts, ઉંમર 18-25 વર્ષ, ગ્રેજ્યુએટ ટુવ્હીલર જરૂરી, સેલેરી- 15000+ પેટ્રોલ+ એલાઉન્સિસ. Fresher પણ ચાલશે. બાયોડેટા મોકલો અથવા મળો આઈડિયાઝ અનલિમિટેડ. અડાજણ સુરત Mo: 9426807778

**માસમાં મેગા સિટીમાં** કોર્નરના ખુલ્લા પ્લોટો વેચવાના છે. 125વાર 17લાખ | 110વાર 15લાખ | 80વાર 11લાખ 9377555922 દલાલભાઈઓ આવકાર્ય

**મહિધરપુરામાં** ટેમ્પો ચલાવવા માટે ડ્રાઈવર જોઈએ છે, પગાર: 20,000/- 9377173151

**જોઈએ છે** સ્કુલ માટે ભરૂચ કસક માં લેડિઝ સીક્યુરીટી ગાર્ડ. 9374542478

**જોઈએ છે** અંકલેશ્વર સ્કુલ માટે મેલ સીક્યુરીટી ગાર્ડ ઉંચાઈ 5 ફુટ 10 ઈંચ અને શારી રીતે શસક્ત સંપર્ક 9374542478

**ફ્લેટો વેચવાના છે** અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા 'માસ્તર્સ ડ્રીમસ્કેપ' એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો મો.૯૮૨૪૧૧૨૮૬૮

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે** રો. હા. ૧૪૪ વાર મહાલક્ષ્મી મંદીર પાસે અડાજણ ૮૪૮૮૯૮૩૪૨૪ અનીલભાઈ (900)

**મોરા (હજીરામાં)** લેબર- સુપરવાઈઝરને રહેવાલાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

**નવસારીમાં 2 BHK** ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીકલ્ચર કોલેજની સામે Contact: 9427633341

**વેચવાનું છે** પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં** 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત ભાડેથી

**નાની ઓફિસ ભાડેથી** આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

મિલ્કત જોઈએ છે

**જોઈએ છે** સુરતની આજુબાજુના ગામમાં રહેવા લાયક જુનું મકાન. કો. ૦૨૬૧ ૨૪૩૮૦૪૧ (901)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*